**પ્રશ્નપુસ્તિકા શ્રેણી**

# A

**ABC**

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 3 કલાક | Time : 3 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

**પ્રશ્નપુસ્તિકા ક્રમાંક**
(Question Booklet Number)

## સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં

A

**ઉમેદવારોને સુચના:**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે, બધાજ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે. તમારે આ સાથે અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMRSHEET) માં

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMR ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ગેરશિસ્ત બદલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) ઉમેદવારે પોતાના બેઠક નંબરની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપત્રની સીરીઝ નિયત જગ્યાએ લખીને તેની નીચે તે સીરીઝ સામે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ડાર્ક (encode) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. આ પરીક્ષામાં માઇનસ પધ્ધતિ રાખવામાં આવેલ નથી.

આન્સર કી ફાઈનલ કરતી વખતે જો બોર્ડ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે ત્યારે સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. ઉમેદવારની સહી વિનાની OMR ઉત્તરપત્રવાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કાયદાના પેપર માટે માન્ય કરેલ પુસ્તકો સિવાય જો કોઈ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે તેમજ ગેરશિસ્ત બદલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. તેમજ પગલા લેવાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(11) પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તથા યોગ્ય તે પગલા લેવામાં આવશે.

**A**

1. કોગ્નિઝેબલ ગૂનો હોય તો પોલીસ અધિકારી **Answer-B**

(A) વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકતો નથી.

(B) વોરંટ વગર ધરપકડ કરી શકે છે.

(C) વોરંટ વગર ધરપકડ કરી પોલીસ કસ્ટડીમાં બે દિવસ રાખી શકે

(D) સાત વર્ષથી વધુ સજાનો ગૂનો કર્યો હોય તો જ ધરપકડ કરી શકે છે

2. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગૂનો ન નોંધનાર પોલીસ અધિકારી આ અધિનિયમની કઇ કલમ હેઠળ શિક્ષાને પાત્ર ગૂનો કરે છે? **Answer-B**

(A) 3 (B) 4

(C) 5 (D) 7

3. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો: **Answer-B**

(1) પોલીસ તપાસ પૂર્ણ કરી કોર્ટને ચાર્જશીટ મોકલ્યા બાદ ગુનાની વધુ તપાસ કરવા માટે કોર્ટની મંજુરી આવશ્યક છે

(2) કોર્ટને ચાર્જશીટ મોકલ્યા બાદ વધુ તપાસ કોર્ટની મંજુરી મેળવ્યા વિના કરી શકાય છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું / કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) બન્ને (D) બન્નેમાંથી એક પણ નહીં.

4. પોલીસ વહીવટ માટે નિયમો ઘડવાની સત્તા કોને છે? **Answer-B**

(A) નાયબ પોલીસ અધિક્ષક

(B) ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ

(C) પોલીસ અધિક્ષક

(D) નાયબ ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ

5. સર્વોચ્ચ અદાલતે ભારતીય ફોજદારી અધિનિયમની કઇ કલમને ગેર બંધારણીય જાહેર કરેલ છે? **Answer-C**

(A) ૩૭૮ (B) ૩૭૫

(C) ૩૭૭ (D) ૩૭૬

6. ભારતીય પુરાવા અધિનિયમ હેઠળ સૂચક પ્રશ્નો કયારે પૂછી શકાય? **Answer-B**

(A) સરતપાસ દરમ્યાન (B) ઉલટ તપાસ દરમ્યાન

(C) ફેર તપાસ દરમ્યાન (D) કયારેય નહીં

7. હિસ્ટ્રી શીટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: Answer-B

(1) માત્ર મિલકત વિરુધ્ધના ગૂનાઓમાં સંડોવાએલા વ્યક્તિઓનાં જ હિસ્ટ્રી શીટ ખોલી શકાય.

(2) પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકશન વખતે પોલીસ અધિક્ષક હિસ્ટ્રી શીટ ચેક કરશે અને તે ચાલુ રાખવું કે બંધ કરવું તેનો નિર્ણય કરશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

8. કોઇ વ્યક્તિ કે જેણે કોઇ કેફી પદાર્થ કે ગાંજો ગુજરાત રાજય બહાર પીધેલ કે ઉપયોગ કરેલ હોય – તે નશાયુક્ત હાલતમાં ગુજરાત રાજયમાં પ્રવેશ કરી શકે ? Answer-C

(A) પ્રવેશ કરી શકે, કેમ કે ગુજરાત રાજય બહાર પીધેલ છે
(B) બિનગુન્હાપાત્ર કૃત્ય ગણાય
(C) ગુન્હાપાત્ર કૃત્ય ગણાય જે પ્રતિબંધિત છે
(D) ઉપરોકત માંથી એક પણ વિકલ્પ નહિ

9. ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ જુગાર રમવામાં ચતુરાઇ વાળી રમતોનો– Answer-B

(A) સમાવેશ થાય છે.
(B) સમાવેશ થતો નથી.
(C) સમાવેશ બાબતે સ્પષ્ટતા નથી.
(D) સમાવેશ થાય છે કે નહીં અદાલત નક્કી કરશે.

10. એક વ્યક્તિ 'અ' એક સરકારી કર્મચારી 'બ' ને લાંચ આપે છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નીચે પૈકી કોણે ગૂનાહિત કૃત્ય કરેલ છે? Answer-C

(A) માત્ર 'અ'
(B) માત્ર 'બ'
(C) 'અ' અને 'બ' બન્ને
(D) બન્નેમાંથી કોઇપણ નહિ

11. ફોજદારી કાર્યરીતી અધિનિયમ પ્રકરણ-8 હેઠળના આદેશની સત્તા કોને છે? Answer-D

(A) હાઇકોર્ટ જજ
(B) સેસન્સ જજ
(C) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ
(D) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

**A**

12. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ ખાસ અદાલત કેવા પ્રકારની મિલકતની જપ્તીનો હુકમ કરી શકે છે?

Answer-C

(A) માત્ર જંગમ મિલકત

(B) માત્ર સ્થાવર મિલકત

(C) સ્થાવર અને જંગમ મિલકત

(D) ત્રણેયમાંથી એક પણ નહિ.

13. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

Answer-C

(1) કોઇ વ્યક્તિએ આત્મહત્યા કરી છે તેવી માહિતી પોલીસ અધિકારીને મળે ત્યારે તેણે નજીકના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને ખબર આપવી જોઇશે

(2) જયારે પોલીસ અધિકારીને ઉપર (1) મુજબની માહિતી મળે ત્યારે તેણે મૃત્યુનાં દેખીતાં કારણોનો રીપોર્ટ તૈયાર કરવાનો રહેશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) બન્ને

(D) બન્નેમાંથી એક પણ નહીં.

14. ઢોર પ્રત્યે ઘાતકીપણું દાખવવા બદલ શિક્ષાની જોગવાઇ નીચે પૈકી કયા કાયદામાં છે?

Answer-B

(1) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

(2) ગુજરાત પોલીસ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) બન્ને

(D) બન્નેમાંથી એક પણ નહિ

15. લૂંટ કયારે ધાડ બને છે?

Answer-B

(A) કુલ માણસો ૪ અથવા ૪ થી વધુ હોય

(B) કુલ માણસો ૫ અથવા ૫ થી વધુ હોય

(C) કુલ માણસો ૬ અથવા ૬ થી વધુ હોય

(D) ઉપરોકતમાંથી કોઇ નથી

16. ભારતીય પુરાવા અધિનિયમ કોને લાગુ પડતો નથી?

Answer-B,C,D

(A) ન્યાયિક કોર્ટ સમક્ષની કાર્યવાહીને

(B) ટ્રિબ્યુનલ સમક્ષ કાર્યવાહીને

(C) ખાતાકીય કાર્યવાહીને

(D) લવાદ સમક્ષ કાર્યવાહીને

17. પોલીસ સ્ટેશન કન્વીકશન રજીસ્ટર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: Answer-C

(1) આ રજીસ્ટરમાં પોલીસ સ્ટેશનમાં જેની વિરૂધ્ધ ગૂનો સાબિત થયો હોય તેવા ગૂનેગારોની વિગત નોંધવામાં આવે છે.

(2) પોલીસ સ્ટેશન બહાર કયાંક જેની વિરૂધ્ધ ગૂનો સાબિત થયેલ હોય પરંતુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા હોય તેવા ગૂનેગારોનાં નામ આ રજીસ્ટરમાં રાખવામાં આવે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

18. ગુજરાત નશાબંધી અધિનિયમ હેઠળ પાડવામાં આવેલ દરોડા વખતે મળી આવેલ વસ્તુઓ પૈકી કઇ વસ્તુઓ જપ્તીને પાત્ર છે?

Answer-D

(A) દારૂ ગાળવાના ઓજારો
(B) દારૂના ગૂનામાં વપરાયેલ સાધનો
(C) દારૂ ગાળવા માટેની સામગ્રી
(D) ઉપરોકત તમામ

19. ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ પોલીસ અધિકારીએ જુગારની રેડ દરમ્યાન શું કરવુ? Answer-D

(A) પ્રવેશ વખતે જગ્યાના માલિક કે કબજેદારને વોરંટ બતાવી તેની સહી લેવી.
(B) સીઝર મેમોમાં તમામ સાક્ષીઓની સહીઓ કરાવવી.
(C) વિગતવારનું રેડ પંચનામું કરવુ.
(D) ઉપરોકત તમામ

20. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સંદર્ભે નીચેના વિધાનો ધ્યાને લો: Answer-A

(1) આ અધિનિયમ હેઠળ નોંધાયેલ ગુનાની તપાસ માત્ર નાયબ પોલીસ અધિક્ષક દરજ્જાના અધિકારી કરી શકે.

(2) આ અધિનિયમ હેઠળ નોંધાયેલ ગુનાની તપાસ પોલીસ સબ ઇન્સ્પેકટરથી નીચેના નહિ તે દરજ્જાના અધિકારીને કરવાની સત્તા રાજ્ય સરકાર આપી શકે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

21. ફોજદારી કાર્યરીતી અધિનિયમ હેઠળ ભરણપોષણ હુકમ કરવાની સત્તા અંગે નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) માત્ર પત્નીને ભરણપોષણ આપવાની જોગવાઇ છે. Answer-C
(B) માત્ર પત્ની અને સંતાનોને ભરણપોષણ આપવા માટે જોગવાઇ છે.
(C) આ કાયદા હેઠળ માતા-પિતાને પણ ભરણપોષણ આપવાની જોગવાઇ છે.
(D) મુસ્લિમ મહિલાને આ કાયદા હેઠળ ભરણપોષણ મળવાપાત્ર નથી.

A

22. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગૂનામાં સમાધાન થઇ શકે?

Answer-C

(A) માત્ર 7 વર્ષથી ઓછી ગૂનાની સજામાં જ થઇ શકે

(B) બધા કેસોમાં થઇ શકે

(C) કોઇ પણ કેસમાં ના થઇ શકે

(D) ઉપરોક્ત માંથી કોઇપણ નહી

23. ભારતીય ફોજદારી અધિનિયમના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

Answer-D

(1) કોઇ વ્યક્તિ આ અધિનિયમ હેઠળનો કોઇ પણ ગૂનો ફરી કરે તો વધારાની શિક્ષાની જોગવાઇ છે.

(2) આ અધિનિયમ હેઠળ ફરી ગૂના કરનારને વધારાની શિક્ષાની જોગવાઇ નથી.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) બન્ને

(D) બન્નેમાંથી એક પણ નહીં.

24. કાયરતા બતાવનાર પોલીસ અધિકારી માટે શિક્ષાની શું જોગવાઇ છે?

Cancel

(A) એક માસ સુધીની કેદ અથવા રૂ. ૫૦૦/- દંડ

(B) એક વર્ષ સુધીની કેદ અને રૂ. ૧૦૦૦/- દંડ

(C) ત્રણ માસ સુધીની કેદ અથવા રૂ. ૧૦૦/- દંડ

(D) બે વર્ષ સુધીની કેદ અને દંડ

25. રાષ્ટ્રપતિને કોણ ચૂંટે છે?

Answer-A

(A) પ્રજામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ

(B) વડાપ્રધાન

(C) ચૂંટણીપંચ

(D) જનતાના મતદારો

26. ભારતીય પુરાવા અધિનિયમ મુજબ પુરાવા એટલે

Answer-D

(A) મૌખિક પુરાવો

(B) દસ્તાવેજી પુરાવો

(C) ઇલેક્ટ્રોનિક પુરાવો

(D) ઉપરોક્ત તમામ

27. ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે? Answer-D

(1) કોઇ પણ વ્યક્તિ ગૂનો બન્યાની માહિતી આપે તો પોલીસ સ્ટેશન ઇન્ચાર્જે તે નોંધી લેવાની રહેશે.

(2) માહિતી આપનાર જેની સાથે ગૂનો બન્યો છે તે હોવો જરૂરી નથી.

(3) માહિતી આપનારને ગૂનાની પ્રત્યક્ષ જાણકારી હોવી જરૂરી નથી

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) તમામ

28. ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ કઇ કલમોમાં શિક્ષાની જોગવાઇ કરવામાં આવેલ છે? Answer-C

(1) કલમ 99 થી 116 (2) કલમ 117

(3) કલમ 120 (4) કલમ 121

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) માત્ર 2, 3, 4 (D) તમામ

29. મોટર વાહન અધિનિયમ મુજબ મોટરની કામચલાઉ નોંધણી કેટલા માસ માટે માન્ય ગણાશે? Answer-A

(A) એક માસ (B) બે માસ

(C) ત્રણ માસ (D) ચાર માસ

30. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ મુજબ માત્ર કયા ન્યાયાધીશોને ખાસ ન્યાયાધીશ તરીકે નિમણુંક આપી શકાય?

Answer-D

(A) મદદનીશ સેશંસ ન્યાયાધીશ હોય કે રહી ચુકી હોય તેવી વ્યક્તિ

(B) અધિક સેશંસ ન્યાયાધીશ હોય કે રહી ચુકી હોય તેવી વ્યક્તિ

(C) સેશંસ ન્યાયાધીશ હોય કે રહી ચુકી હોય તેવી વ્યક્તિ

(D) ઉપરોક્ત તમામ

31. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: Answer-D

(1) પોલીસ અધિકારી જાહેર મિલકતમાં નુકશાન થતુ અટકાવવા દરમ્યાનગીરી કરી શકે નહીં.

(2) કોઇ જગ્યામાં ખોટા તોલમાપનાં સાધનો છે તેવી માહિતી મળે તો તે જગ્યામાં પ્રવેશ કરવા માટે પોલીસ અધિકારીને વોરંટની આવશ્યકતા રહે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) બન્ને (D) બન્નેમાંથી એક પણ નહીં.

32. એટ્રોસિટી એક્ટ હેઠળ ગૂનાની ઇન્સાફી કાર્યવાહી કઇ અદાલતમાં ચાલશે? **Answer-B**

(A) જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ

(B) સેશન્સ કોર્ટ

(C) હાઇકોર્ટ

(D) સુપ્રીમ કોર્ટ

33. ચમન ખૂનનો ગૂનો કરી રહયો છે તેવું રમેશને લાગે છે. તેને ખૂન કરતો પકડી યોગ્ય અધિકારી સમક્ષ હાજર કરવાના હેતુથી રમેશ ચમનને પકડે છે. જો ચમન વાસ્તવમાં પોતાનો સ્વબચાવ કરી રહયો છે તેવુ પાછળથી માલુમ પડે છે તોઃ

(A) રમેશ વિરૂધ્ધ ગેરકાયદેસર અટકાયતની ગૂનાની કાર્યવાહી કરવામાં આવશે. **Answer-C**

(B) ચમન વિરૂધ્ધ ખૂનના ગૂનાની કાર્યવાહી કરવામાં આવશે.

(C) રમેશ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરવામાં નહીં આવે.

(D) આ અધિનિયમમાં આ અંગે કોઇ સ્પષ્ટતા નથી.

34. ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ પોલીસ મહેકમ બોર્ડ પાસે નીચે પૈકી કઇ સત્તા કે જવાબદારી નથી?

(A) પોલીસ ઇન્સ્પેકટર અને સબ ઇન્સ્પેકટરની બદલી **Answer-B**

(B) પોલીસ ઇન્સ્પેકટર અને સબ ઇન્સ્પેકટરની ભરતી

(C) કોન્સ્ટેબલ અને લોકરક્ષક સંવર્ગમાં ઉચ્ચત્તર જગ્યા પર બઢતીની મંજુરી આપવી

(D) નાયબ પોલીસ અધિક્ષકથી નીચેના દરજ્જાના પોલીસ કર્મચારી વર્ગની ફરીયાદોનું વિશ્લેષણ કરી ઉપચારાત્મક પગલાં સૂચવવાં

35. ભારતનું પ્રધાનમંડળ કોને જવાબદાર છે? **Answer-B**

(A) વડાપ્રધાનને

(B) લોકસભાને

(C) રાષ્ટ્રપતિને

(D) ઉપરાષ્ટ્રપતિને

36. ભારતીય પુરાવા અધિનિયમ મુજબ હકીકત પુરવાર થયેલાનું કહી શકાય નહી **Answer-C**

(A) જયારે તે ના સાબિત થયેલુ હોય

(B) જયારે તે પુરવાર થયુ ના હોય

(C) (A) અને (B) બન્ને

(D) ઉપરોકત માંથી કોઇ પણ નહી

37. ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ નીચે પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? **Answer-C**

(1) દરેક આઉટ પોસ્ટમાં અકરન્સ બુક હોવી જોઇએ.

(2) આઉટ પોસ્ટના ઇન્ચાર્જ અધિકારીએ પોલીસ અધિકારના અને પોલીસ અધિકાર બહારના બન્ને પ્રકારના ગૂનાઓની નોંધણી આ અકરન્સ બુકમાં કરવાની રહેશે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) બન્ને

(D) બન્નેમાંથી એક પણ નહીં

38. જાહેરનામા ભંગની શિક્ષાની જોગવાઇ નીચે પૈકી કયા કાયદામાં કરવામાં આવેલ છે? Answer-A

(1) ભારતીય ફોજદારી અધિનિયમ

(2) ગુજરાત પોલીસ અધિનિયમ

(3) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) તમામ

39. મોટર વાહન અધિનિયમ મુજબ લર્નિંગ લાયસન્સની મુદ્દત કેટલી હોય છે? Answer-A

(A) છ માસ (B) ત્રણ માસ

(C) એક માસ (D) એક વર્ષ

40. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ખાસ ન્યાયાધીશ ન્યાયિક કાર્યવાહી માટે કોની ગેરહાજરીમાં ગુનાની સુનાવણી હાથ ધરી શકે છે? Answer-C

(A) ફરીયાદીની (B) સાક્ષીની

(C) આરોપીની (D) (A) અને (C) બન્ને

41. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: Answer-B

(1) દરેક પોલીસ અધિકારીને પોલીસ અધિકારનો ગૂનો અટકાવવા દરમ્યાનગીરી કરવાનો અધિકાર નથી.

(2) પોલીસ અધિકારીને પોલીસ અધિકારનો ગૂનો કરવાની યોજનાની માહિતી મળે ત્યારે તેની જાણ તેણે તેના ઉપરી અધિકારીને કરવાની ફરજ છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) બન્ને (D) બન્નેમાંથી એક પણ નહીં.

42. એટ્રોસિટી એકટમાં આગોતરા જામીન કઇ કોર્ટ મંજૂર કરી શકે? Answer-D

(A) સેશન્સ કોર્ટ

(B) જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.

(C) હાઇકોર્ટ

(D) કોઇપણ કોર્ટ નહી

43. ભારતીય ફોજદારી અધિનિયમના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો: **Answer-A**

(1) પોતાની જાણ વિના કે ઇચ્છા વિરૂધ્ધ કરાએલ નશાને કારણે કરેલ કૃત્ય શિક્ષા પાત્ર નથી.

(2) કોઇ વ્યક્તિએ નશો કરી કરેલ કૃત્ય શિક્ષા પાત્ર નથી.

ઉપરના વિધાનો પૈકી કયાં /કયું વિધાન / વિધાનો સાચું/સાચાં છે ?

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 અને 2 બન્ને

(D) બન્નેમાંથી એક પણ નહીં

44. ખાસ પોલીસ અધિકારી નીમવાની જોગવાઇ કયા કાયદામાં છે? **Answer-C**

(A) ભારતીય ફોજદારી અધિનિયમ

(B) ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

(C) ગુજરાત પોલીસ અધિનિયમ

(D) ગુજરાત નશાબંધી અધિનિયમ

45. ચૂંટણી અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો: **Answer-B**

(1) વડાપ્રધાનની ચૂંટણી લોકો દ્વારા સીધી કરવામાં આવે છે.

(2) મુખ્યમંત્રીની ચૂંટણી લોકો દ્વારા સીધી કરવામાં આવે છે.

(3) ગુજરાતમાં સરપંચની ચૂંટણી લોકો દ્વારા સીધી કરવામાં આવે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 3

(C) માત્ર 2

(D) માત્ર 1

46. નીચે માંથી કયા પ્રસંગોમાં ગૌણ પુરાવો રજુ કરી શકાય? **Answer-A**

(1) જયારે મૂળ દસ્તાવેજ એવી વ્યક્તિના કબજામાં હોય કે જેની સામે દસ્તાવેજ પુરવાર કરવાનો હોય

(2) જયારે મૂળ દસ્તાવેજ જાહેર દસ્તાવેજ હોય

(3) જયારે પક્ષકાર પોતાની બેદરકારીના કારણે મૂળ દસ્તાવેજ રજુ ના કરી શકે

(4) જયારે મૂળ દસ્તાવેજ ખોવાઇ ગયેલ હોય

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 2 અને 4

(B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 2, 3 અને 4

(D) ઉપરોકત તમામ

47. ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ નીચેનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? Answer-C

(1) પ્રથમ બાતમી આહેવાલ (FIR) ભારતીય પુરાવા ધારા મુજબ અદાલતમાં ગ્રાહ્ય રાખવા પાત્ર (એડમિટેબલ) છે.

(2) આરોપી દ્વારા આપવામાં આવેલ ગૂનાની પ્રથમ માહિતી (એફ.આઇ.આર.) જેણે આ માહિતી નોંધી છે તે પોલીસ અધિકારીના પુરાવાને આધારે અદાલતમાં સાબિત કરી શકાય.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

48. ગેરવ્યવસ્થા અથવા જાહેર શાંતિના ભંગને અટકાવવા માટે આદેશ કરવા મેજીસ્ટ્રેટને નીચે પૈકી કયા કાયદા હેઠળ સત્તા આપવામાં આવેલ છે? Answer-C

(1) ભારતીય ફોજદારી અધિનિયમ

(2) ગુજરાત પોલીસ અધિનિયમ

(3) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 3

49. અકસ્માતના કારણે કોઇનુ મૃત્યુ થાય કે મહાવ્યથા થાય તો મોટર વાહન અધિનિયમ હેઠળ કેટલા સમય માટે ડ્રાયવિંગ લાયસન્સ મોકૂફ કરી શકાય? Answer-D

(A) મોકુફ ન કરી શકાય

(B) હંમેશ માટે

(C) ત્રણ માસ માટે

(D) છ માસ માટે

50. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ અંતર્ગત બેંકના અધિકારીઓ શેના માટે બંધાયેલા છે? Answer-A

(A) પોલીસ અધિકારીને જરૂરી સહાય કરવા માટે

(B) RBIની ગાઇડ લાઇન મુજબ કાર્યવાહી કરવા માટે

(C) (A), (B) બન્ને નહી

(D) (A) અને (B) બન્ને

51. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: **Answer-D**

(1) તકરારી મિલકત જપ્તીમાં લેવાનો પોલીસને અધિકાર છે.

(2) તકરારી મિલકત અંગે સુલેહભંગ થવાનો સંભવ ન રહયો હોય ત્યારે આવી મિલકત જપ્તીમાં લેનાર પોલીસ અધિકારી આવી જપ્તી ઉઠાવી શકશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં.

52. એટ્રોસિટી એક્ટમાં સુધારો વધારો કે નિયમો બનાવવાની સત્તા કોની છે? **Answer-D**

(A) હાઇકોર્ટ
(B) સુપ્રીમ કોર્ટ
(C) રાજ્ય સરકાર
(D) કેન્દ્ર સરકાર

53. જો કોઇ સ્ત્રી સાસરીયાંના શારીરિક માનસિક ત્રાસને કારણે આત્મહત્યા કરે છે તો ત્રાસ આપનાર સાસરીયાં વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમની કઇ કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે? **Answer-D**

(A) કલમ 302
(B) કલમ 304
(C) કલમ 304- ખ
(D) કલમ 306

54. રસ્તામાં અડચણ કરનાર સામે પગલા લેવાની જોગવાઇ નીચે પૈકી કયા કાયદામાં છે? **Answer-C**

(1) ભારતીય ફોજદારી અધિનિયમ

(2) ગુજરાત પોલીસ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં

55. ભારતની સંસદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: **Answer-B**

(1) રાજ્યસભાના સ્પીકર તરીકે ઉપરાષ્ટ્રપતિ ફરજ બજાવે છે.

(2) રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે વિધાન સભ્યો દ્વારા કરવામાં આવે છે.

(3) વડાપ્રધાન લોકસભાના સભ્ય હોવા જરૂરી છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ત્રણેય
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) ત્રણેયમાંથી એકપણ નહિ.

56. કબુલાત ક્યારે સ્વીકાર્ય હોય છે? **Answer-A**

(1) પોલીસ કસ્ટડીમાં મેજીસ્ટ્રેટને કરેલ હોય

(2) ચાલૂ કોર્ટમાં હોય

(3) મેજીસ્ટ્રેટની હાજરીમાં હોય

(4) પોલીસની ધમકી વગર પોલીસને કરેલ કબુલાત

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 3 (B) માત્ર 1 અને 4

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 4

57. ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ નીચે પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? **Answer-C**

(1) આરોપીની કબૂલાતને વધારે પડતું મહત્વ આપવાને બદલે ફરીયાદ પક્ષનો કેસ વધુ મજબૂત બનાવવા માટે અન્ય પુરાવા તરફ ધ્યાન આપવુ જોઇએ.

(2) આરોપીનો પુરાવો અન્ય પુરાવા તરફ દોરી શકે, તેનો વિકલ્પ બની શકે નહી.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) બન્ને (D) બન્નેમાંથી એક પણ નહી

58. કપટી ઇરાદાથી અથવા ઇરાદા વિના પોલીસ ગણવેશ પહેરનાર સામે પગલાં લેવાની જોગવાઇ કયા કાયદા હેઠળ છે? **Answer-B**

(1) ભારતીય ફોજદારી અધિનિયમ

(2) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

(3) ગુજરાત પોલીસ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 3

59. વાહન વ્યવહારના નિયંત્રણોના નિયમો કરવાની સત્તા કોને છે? **Answer-D**

(A) RTO અધિકારી (B) સ્થાનિક સત્તામંડળ

(C) રાજ્ય સરકાર (D) કેન્દ્ર સરકાર

60. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નીચે માંથી કોણ જાહેર સેવક નથી? **Answer-D**

(A) મેજીસ્ટ્રેટ

(B) સ્થાનિક સેવામંડલની સેવામાં પગારદાર વ્યક્તિ

(C) કોઇ પણ વ્યક્તિ જે જાહેર હોદ્દો ધરાવતો હોય, જાહેર સેવા માટે અધિકૃત હોય

(D) ઉપરોકત માંથી કોઇ નહી

61. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: **Answer-B**

(1) જાહેર ત્રાસદાયક બાબત ચાલુ રાખવાની પોલીસ અધિકારી મનાઇ ફરમાવી શકશે.

(2) જાહેર ત્રાસદાયક બાબતનું પુનરાવર્તન કરવા પર સત્તા ધરાવતા મેજીસ્ટ્રેટ મનાઇ ફરમાવી શકશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં.

62. એટ્રોસિટી એકટમાં મહત્તમ કેટલી સજાની જોગવાઇ છે? **Cancel**

(A) 7 વર્ષ
(B) 10 વર્ષ
(C) આજીવન કેદ
(D) 20 વર્ષ

63. જો કોઇ સ્ત્રી ખાનગી કાર્યમાં રોકાએલ હોય જયાં તેણીને કોઈ ખરાબ ઇરાદાથી જોતું નથી તેવી અપેક્ષા રાખતી હોય ત્યાં કોઇ પુરૂષ તેની તસ્વીર લે તે સંદર્ભમાં નીચે પૈકી કયું વિધાન સાચું છે? **Answer-C**

(A) આવા કૃત્ય માટે ભારતીય ફોજદારી અધિનિયમમાં શિક્ષાની કોઇ જોગવાઇ નથી.

(B) આવા કૃત્ય માટે શિક્ષાની જોગવાઇ કરવા કાયદામાં સુધારો કરવો જોઇએ.

(C) આવુ કૃત્ય કરનારને શિક્ષા કરવાની જોગવાઇ ભારતીય ફોજદારી અધિનિયમમાં છે.

(D) આવું કૃત્ય અપવાદરૂપ હોઇ તેને અવગણવું જોઇએ

64. ગુનો કરવાના ઇરાદાથી શકમંદ સ્થિતિમાં મળી આવનાર વ્યક્તિ વિરૂધ્ધમાં નીચે પૈકી કયા કાયદા હેઠળ પગલાં લેવાની જોગવાઇ છે? **Answer-B**

(1) ભારતીય ફોજદારી અધિનિયમ

(2) ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

(3) ગુજરાત પોલીસ અધિનિયમ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 2
(D) માત્ર 3

65. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લગાડવામાં આવે ત્યારેઃ Answer-B

(A) રાજ્ય વિધાનસભાનું આપોઆપ વિસર્જન થાય છે.

(B) રાજ્યનું મંત્રીમંડળ બરખાસ્ત થાય છે.

(C) વિભાનસભાની કાર્યવાહી ચાલુ રહે છે.

(D) રાજ્યનું મંત્રીમંડળ યથાવત રીતે કામ કરતું રહે છે.

66. નીચે માંથી કયા પુરાવા ન્યાયિક કોર્ટમાં સ્વીકાર્ય નથી? Answer-B

(A) મૌખીક પુરાવા
(B) પોલીસ અધિકારી સમક્ષ આપેલ નિવેદન
(C) દસ્તાવેજી પુરાવા
(D) ફોરેન્સિક પુરાવા

67. ગુજરાત પોલીસ મેન્યુઅલના સંદર્ભમાં કોમી તોફાનોની પરિસ્થિતિમાં લેવાનાં થતાં પગલાં અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો.

(1) જયારે જરૂરી બને ત્યારે ફાયરીંગ કરવુ. Answer-D

(2) ફાયરીંગ અસરકારક અને હેતુલક્ષી હોવું જોઇએ.

(3) કોઇ ડર કે ખચકાટ વિના અસરકારક પગલાં લેવાનાં રહેશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન સાચાં છે?

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

68. ગુજરાત પોલીસ અધિનિયમની કઇ કલમ હેઠળ પોલીસ કમિશ્નરને ટ્રાફિક નિયમન માટે સત્તા આપવામાં આવેલ છે?

(A) 37
(B) 32 Answer-D
(C) 35
(D) 33

69. દારૂ પીધેલ હાલતમાં વાહન ચલાવવા બદલ પ્રથમ વખતના ગૂના માટે કેટલી સજાની જોગવાઇ છે?

(A) એક મહિનાની કેદ અથવા એક હજાર દંડ Answer-B

(B) છ મહિનાની કેદ અથવા દશ હજાર દંડ

(C) ત્રણ મહિનાની કેદ અથવા એક હજાર દંડ

(D) ત્રણ મહિનાની કેદ અથવા પાંચ હજાર દંડ

70. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮માં વધુમાં વધુ કેટલી સજાની જોગવાઇ છે? Answer-A

(A) ૧૦ વર્ષ
(B) ૮ વર્ષ
(C) ૧૪ વર્ષ
(D) ૫ વર્ષ

**A**

71. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: **Answer-D**

(1) કોઇપણ દરજ્જાના પોલીસ અધિકારીને ગેરકાયદેસર મંડળીને વિખેરાઇ જવાનો આદેશ આપવાની સત્તા છે.

(2) ગેરકાયદેસર મંડળીને વિખેરાઇ જવા આદેશ આપ્યા બાદ પણ તે વિખેરાઇ ન જાય તો તે મંડળીને બળથી વિખેરી નાખવા માટેનાં પગલાં લેવા માટે પોલીસ અધિકારીને મેજીસ્ટ્રેટના આદેશની આવશ્યકતા રહેશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં.

72. એટ્રોસિટી એકટની કલમ ૧૦ મુજબ હદ્પાર થયેલ વ્યક્તિ કોની પરવાનગીથી તે વિસ્તારમાં પરત આવી શકે? **Answer-A**

(A) ખાસ કોર્ટની લેખિત પરવાનગીથી
(B) હાઇકોર્ટની લેખિત પરવાનગીથી
(C) સુપ્રીમ કોર્ટની લેખિત પરવાનગીથી
(D) ખાસ કોર્ટની મૌખિક પરવાનગીથી

73. ફોજદારી કેસમાં પોલીસે કેટલા દિવસમાં ચાર્જશીટ કરવાની હોય છે? **Answer-B**

(A) ૩૦ / ૯૦ દિવસમાં
(B) ૬૦ / ૯૦ દિવસમાં
(C) ૯૦ / ૧૨૦ દિવસમાં
(D) ૧૫ / ૪૫ દિવસમાં

74. ગુજરાત પોલીસ અધિનિયમ મુજબ નીચે પૈકી કોનો પોલીસ અધિકારીના દરજ્જામાં સમાવેશ થાય છે? **Answer-A**

(1) લોકરક્ષક
(2) કોન્સ્ટેબલ
(3) સબ ઇન્સ્પેકટર
(4) ઇન્સ્પેકટર

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) તમામ
(B) માત્ર 3 અને 4
(C) માત્ર 4
(D) આ પૈકી કોઇ નહિ

75. ભારતીય ફોજદારી અધિનિયમ મુજબ સમન્સ કેસમાં કેટલા વર્ષ સુધીની સજાની જોગવાઇના ગુન્હાનો સમાવેશ થાય છે? **Answer-A**

(A) ૨ વર્ષ
(B) ૩ વર્ષ
(C) ૪ વર્ષ
(D) એક પણ નહી

76. ભારતીય પુરાવા કાયદામાં નીચે પૈકી કયાંની ઉલટ તપાસ શક્ય નથી? Answer-B

(A) ઝેરોક્ષ દસ્તાવેજ
(B) મરણોન્મુખ નિવેદન
(C) પોલીસ સમક્ષ નિવેદન
(D) ઉપરોક્ત માંથી કોઇ નહીં

77. ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ – Answer-B

જાણીતા ગૂનેગારોના રજીસ્ટરમાં નીચે પૈકી કયા ગૂનેગારોની વિગત રાખવામાં આવે છે

(1) ખૂની
(2) ચોર
(3) કોમી ઘટનાઓમાં સંડોવાએલ ગૂનેગારો
(4) લૂટારો
(5) ધાડપાડુ
(6) ઘરફોડીયા

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1, 2, 4, 5 અને 6
(C) માત્ર 2, 4, 5 અને 6
(D) તમામ

78. બીયર, વાઇન, સ્પિરિટ, તાડી અને દરેક પ્રકારનું પ્રવાહી જેમાં અલ્કોહોલ હોય કે અલ્કોહોલથી બનાવેલ હોય, તેને શુ કહેવાય? Answer-D

(A) કેફી પદાર્થ
(B) વિદેશી દારૂ
(C) દેશી દારૂ
(D) દારૂ

79. ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ જુગાર ચલાવવા માટે સંચાલકને નફો થતો હોવાની બાબત Answer-B

(A) મહત્વની છે
(B) મહત્વની નથી
(C) આની કોઇ સ્પષ્ટતા નથી
(D) (A) અને (C) બન્ને

80. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દંડ ઠરાવવા માટે વિચારણામાં લેવાની બાબતો નીચે પૈકી કઈ છે? Answer-D

(A) મેળવેલ રકમ અથવા મિલકતની કિંમત
(B) અગાઉ પણ આવા ગૂનામાં દોષિત ઠરાયેલ વ્યક્તિ
(C) નાણાકીય સાધનો કે મિલકત માટે આરોપી સંતોષકારક ખુલાસો આપી શકયો ના હોય
(D) ઉપરોક્ત તમામ

A

81. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: **Answer-A**

(1) કોઇ પણ ખાનગી વ્યક્તિ પોતાની હાજરીમાં બિન જામીનપાત્ર પોલીસ અધિકારનો ગૂનો કરનારને પકડી શકશે.

(2) કોઇ પણ ખાનગી વ્યક્તિ પોતાની હાજરીમાં ગૂનો કરનાર વ્યક્તિને પકડે તો તેણે તે વ્યક્તિને ૨૪ કલાકથી વધુ નહિ તેટલા સમયમાં કોઇ પોલીસ અધિકારીને સોંપી દેવાનો રહેશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં.

82. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ ખાસ સરકારી વકીલ તરીકે નિમણુંક માટે ઓછામાં ઓછી કેટલા વર્ષની વકીલ તરીકેની પ્રેક્ટીસ જરૂરી છે? **Answer-A**

(A) 7 વર્ષ
(B) 9 વર્ષ
(C) 10 વર્ષ
(D) 12 વર્ષ

83. કોઇ વ્યક્તિને વિના કારણે પકડવામાં આવે તો તેને વળતર ચૂકવવાની જોગવાઇ, **Answer-B**

(A) ભારતીય ફોજદારી અધિનિયમમાં છે
(B) ફોજદારી કાર્યરીતી અધિનિયમમાં છે
(C) ભારતીય માનવ અધિકાર અધિનિયમમાં છે
(D) આવી કોઇ કાયદાકીય જોગવાઇ ભારતમાં નથી

84. આ બધા માંથી કયુ પ્રાણી ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ઢોર શબ્દની વ્યાખ્યામાં આવે છે **Answer-A**

(A) વાછડું
(B) સિંહ
(C) દીપડો
(D) શિયાળ

85. બે કે બે થી વધુ વ્યક્તિઓ વચ્ચે ગેરકાયદેસર કાર્ય અથવા કાયદેસર કાર્યને ગેરકાયદેસર રીતે કરવાની સમજૂતી થાય તો તે વ્યક્તિ કયો ગુનો કરે છે ? **Answer-D**

(A) મદદ
(B) દુષ્પ્રેરણ
(C) ઉશ્કેરણી
(D) કાવતરૂ

86. ભારતીય પુરાવા અધિનિયમ હેઠળ કરવામાં આવતી નીચેની તપાસો ધ્યાને લો: **Answer-A**

(1) સર તપાસ

(2) ફેર તપાસ

(3) ઉલટ તપાસ

આ તપાસ કયા ક્રમમાં કરવામાં આવે છે? નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 3, 2
(B) 1, 2, 3
(C) 2, 1, 3
(D) 3, 2, 1

**A**

87. A - રોલ તથા B – રોલના કિસ્સામાં નીચેનાં વિધાનો ધ્યાને લો. **Answer-D**

(1) A રોલ એવા અજાણ્યા ઇસમ કે જેનો ગૂનાંકીય ઇતિહાસ જાણમાં ન હોય તેવો ઇસમ અટક કરવામાં આવે તેના ભરવામાં આવે છે.

(2) B રોલ સર્વેલન્સ હેઠળ રાખેલ ઇસમના ભરવામાં આવે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

88. કોઇ વ્યક્તિને કોઇ દ્રવ્ય-દારૂ માટેની દવા સૂચી કોણ આપી શકે? **Answer-D**

(A) સરકારી ડોકટર
(B) ડોકટર સહાયક
(C) વૈદકીય વ્યવસાયી
(D) નોંધાયેલ વૈદકીય વ્યવસાયી

89. ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ જુગારના અડ્ડામાં પકડાયેલા વ્યક્તિ ખોટું નામ-સરનામુ આપે તો તે માટે શુ શિક્ષાની જોગવાઇ છે? **Answer-C**

(A) રૂ.૫૦૦/- દંડ અથવા એક મહિનાની કેદ
(B) રૂ.૨૦૦૦/- દંડ અથવા બે મહિનાની કેદ
(C) રૂ.૧૦૦૦/- સુધીનો દંડ અથવા ચાર મહિનાની કેદ
(D) રૂ.૫૦૦૦/- સુધીનો દંડ અને એક વર્ષની કેદ

90. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કઇ કલમ મુજબ IPC ની કલમ 161 થી 165 A સુધી રદ્દ કરવામાં આવી છે? **Answer-D**

(A) 29
(B) 29 A
(C) 30
(D) 31

91. ફોજદારી કાર્યરીતી અધિનિયમના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો: **Answer-C**

(1) કોઇ વ્યક્તિએ પોલીસ અધિકારનો ગૂનો કર્યો છે તેવુ માનવાને કારણ હોય તે વ્યક્તિ પોલીસ અધિકારીને પોતાનું નામઠામ જણાવવાની ના પાડે તો તે વ્યક્તિની ધરપકડ પોલીસ અધિકારી કરી શકશે.

(2) કોઇ વ્યક્તિએ પોલીસ અધિકારનો ગૂનો કર્યો છે તેવુ માનવાને કારણ હોય તે વ્યક્તિ પોલીસ અધિકારીને ખોટુ નામઠામ જણાવે તો તે પોલીસ અધિકારી તેની ધરપકડ કરી શકશે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહીં.

92. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ અનુસૂચિત જાતિઓ એટલે **Cancel**

(A) બંધારણના અનુચ્છેદ 366ના ખંડ 29 મુજબ

(B) બંધારણના અનુચ્છેદ 363ના ખંડ 25 મુજબ

(C) બંધારણના અનુચ્છેદ 365ના ખંડ 24 મુજબ

(D) બંધારણના અનુચ્છેદ 366ના ખંડ 25 મુજબ

93. એક વખત દોષ સિધ્ધ થયેલ અથવા નિર્દોષ છૂટકારો થયેલ વ્યક્તિ સામે તે જ ગૂના માટે ઇન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ **Answer-B**

(A) તેવી જોગવાઇ ભારતીય ફોજદારી અધિનિયમમાં છે

(B) તેવી જોગવાઇ ફોજદારી કાર્યરીતી અધિનિયમમાં છે

(C) તેવી જોગવાઇ ભારત સરકાર દ્વારા તાજેતરમાં બનાવેલ ખાતાકીય તપાસ અંગેના કાયદામાં કરવામાં આવેલ છે

(D) આવી કોઇ જોગવાઇ નથી

94. ગુજરાત રાજ્ય સમગ્ર વિસ્તાર માટે કેટલા પોલીસ દળ છે? **Answer-A**

(A) 1 (B) 2

(C) 3 (D) આમાંથી એકેય નહિ

95. ભારતીય ફોજદારી અધિનિયમના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લોઃ **Answer-A**

(1) ભારત બહાર કરેલા ગુના માટે ભારતમાં કોઇ કાયદા મુજબ જેની સામે ઇન્સાફી કાર્યવાહી કરી શકાય તે દરેક વ્યક્તિ સામે ભારત બહાર કરેલ કૃત્ય માટે તે ભારતમાં કરવામાં આવ્યુ હોય તેમ કાર્યવાહી કરી શકાશે.

(2) ભારતનો નાગરિક ભારત બહારના દેશમાં આ અધિનિયમ હેઠળનો ગૂનો કરે છે અને તેનો પત્તો ભારતની અંદર મળી આવે છે તો તેની વિરૂધ્ધ ભારતમાં ઇન્સાફી કાર્યવાહી કરી શકાશે નહીં.

ઉપરના વિધાનો પૈકી કયાં/કયું વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) બન્ને (D) બન્નેમાંથી એક પણ નહીં

96. ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે હકીકતને પુરવાર કરવા માટે કેટલા સાક્ષીઓની જરૂરિયાત પડે છે? **Answer-D**

(A) 1 (B) 2

(C) 3 (D) કોઇ સંખ્યા નિશ્ચિત નથી

A

97. વિલેજ ક્રાઇમ રજીસ્ટર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: **Answer-A**

(1) ગામમાં નોંધાએલ કોગ્નીઝેબલ ગૂનાની વિગત ભાગ-૨ માં નોંધવામાં આવે છે.

(2) ગામની ગુપ્ત નોંધ ભાગ-3 માં કરવામાં આવે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહી

98. કયા અધિકારી વિદેશી દારૂના "વેંચનારનું લાયસન્સ" આપી શકે? **Answer-D**

(A) મામલતદાર
(B) પોલીસ અધિક્ષક
(C) રાજ્ય સચિવ
(D) કલેકટર

99. ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ જુગારનો અડ્ડો રાખવા બાબતે પ્રથમ વખતના ગૂના માટે શિક્ષાની જોગવાઇ શું છે?

**Answer-B**

(A) એક વર્ષની કેદ અને રૂ. ૫૦૦૦/- દંડ
(B) ત્રણ માસની કેદ અને રૂ.૫૦૦/- દંડ
(C) એક મહિનાની કેદ અને રૂ.૫૦૦/- દંડ
(D) છ મહિનાની કેદ અને રૂ.૨૦૦૦/- દંડ

100. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નીચે પૈકી કોની વિરૂધ્ધ કાર્યવાહી કરી શકાય છે? **Answer-C**

(A) માત્ર રાજ્ય સેવક
(B) માત્ર રાજકીય નેતાઓ
(C) રાજ્ય સેવક અને ખાનગી વ્યક્તિ
(D) માત્ર ખાનગી વ્યક્તિ

SPACE FOR ROUGH WORK

A

## SPACE FOR ROUGH WORK

A

## SPACE FOR ROUGH WORK

Answer-B